રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકોના પગાર PRAISA સોફ્ટવેરના બદલે કર્મયોગી પોર્ટલ પર તૈયાર કરી IFMS મારફતે કરવા બાબતે.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

પરિપત્ર ક્રમાંક: ED/MSM/e-file/3/2026/3289/K

૫/૭, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.

તા.e-sign મુજબ.

વંચાણે લીધાં:

(૧) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીની સીંગલ ફાઈલ: DPE/MISCE/e-file/105/2026/2370/ Account Branch થી તા.૦૨.૦૬.૨૦૨૬ ના રોજ રજુ કરેલ દરખાસ્ત.

પરિપત્ર:

રાજ્યની પ્રાથમિક શાળાઓના શિક્ષકોના પગાર ધોરણની પ્રક્રિયા હાલમાં 'PRAISA' સોફ્ટવેર મારફત હાથ ધરવામાં આવે છે. આ વર્તમાન વ્યવસ્થામાં બિલ બનાવવા, ચેક મેળવવા અને તેને બેંકમાં રજૂ કરવા જેવી કામગીરી મેન્યુઅલી (હાથથી) થતી હોવાને કારણે પગાર ચૂકવણીમાં વિલંબ થવાની સાથે-સાથે નાણાકીય અનિયમિતતાઓની સંભાવના પણ ઘણી વધુ રહે છે. રાજ્ય સરકારના 'ડિજિટલ ગુજરાત' અભિગમને સાકાર કરવા અને શિક્ષકોને સમયસર પગાર ચૂકવણી સુનિશ્ચિત કરવાના હેતુસર, વંચાણે લીધા ક્રમાંક: (૧) મુજબ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગરની કચેરીએ તા.૦૨.૦૬.૨૦૨૬ થી દરખાસ્ત રજૂ કરેલ હતી. આ દરખાસ્તને ધ્યાને લઈને, પ્રાયોગિક ધોરણે ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકોના પગારનું બિલિંગ સરકારશ્રીની 'કર્મયોગી' એપ્લિકેશન દ્વારા તૈયાર કરી, IFMS સિસ્ટમ મારફત ચૂકવવાની આ પદ્ધતિ તા.૦૧.૧૧.૨૦૨૬ થી આથી અમલમાં મૂકવામાં આવે છે.

૨.૦ સરકારી પ્રાથમિક શિક્ષકોના પગાર બીલો ગુજરાત પંચાયત હિસાબ અને અંદાજપત્ર નિયમો ૨૦૧૪ મુજબ PAF-62 નમૂનામાં તૈયાર કરવામાં આવે છે. પરંતુ તિજોરી કચેરીમાં કર્મયોગી પોર્ટલ મારફત પ્રાથમિક શિક્ષકોના પગાર બીલો GTR-30 નમૂનામાં રજૂ કરવા અંગે નિયમોમાં જરૂરી સુધારો કરવાનો રહેશે. લોકલ ફંડ ઓડિટ ટીમ દ્વારા, ઓડિટ ચકાસણીની પ્રક્રિયા સુચારૂ રીતે પુર્ણ થાય તે સુનિશ્ચિત કરવા માટે સંબંધિત તાલુકા પંચાયતોએ તેમના હિસાબો અદ્યતન (અપડેટ) રાખવાના રહેશે તેમજ ઓડિટ માટે તમામ વાઉચરની નકલો અને સંબંધિત સહાયક-પુરક દસ્તાવેજોની નકલો સ્થનિક સ્તરે ફરજિયાતપણે જાળવી રાખવાની રહેશે.

૩.૦ આથી સદર બાબતે નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગરને સુચના આપવામાં આવે છે કે પ્રથમ તબક્કામાં ગાંધીનગર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોના પગાર 'કર્મયોગી' એપ્લિકેશન દ્વારા બિલો તૈયાર કરી IFMS સીસ્ટમ મારફત કરવાનું સુનિશ્ચિત કરે. આ પરિપત્ર પ્રસિદ્ધ થયેથી તા.૦૧.૧૧.૨૦૨૬ બાદથી ઉપરના કર્મચારીઓના પગાર બિલ કર્મયોગી એપ્લીકેશન સિવાય બનાવવાના રહેશે નહિ. વધુમાં, આ અંગેની વિગતવાર સુચનાઓ HRMS સેલ, સામાન્ય વહિવટ વિભાગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવશે.

૪.૦ આ સુચનાઓ આ વિભાગની સમાનાંકી ઈ-ફાઇલ પર નાણા વિભાગની તા.૨૯.૦૮.૨૦૨૬ થી અને સામાન્ય વહીવટ વિભાગની તા.૨૪.૦૯.૨૦૨૬ થી મળેલ મંજૂરી અન્વયે પરિપત્રિત કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવેશકુમાર ડાંખરા)

ઉપસચિવ(પ્રાથમિક શિક્ષણ),

શિક્ષણ વિભાગ

નકલ રવાના:

Signature Not Verified
Signed by : BHAVESHKUMAR DANKHARA
Under Secretary
Education Department
Date : 2026.10.19 12:46:36 IST

File No: ED/MSM/e-file/3/2026/3289/K Primary Education-1
Approved By: Principal Secretary,Primary Education and Secondary Ed

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (શિક્ષણ) નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (સર્વે વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- HRMS CELL, સામાન્ય વહીવટ વિભાગ, બ્લોક નં.૧/૮ મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં.૧૭, ડૉ.જીવરજ મહેતા ભવન, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય (વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારુ.)
- શાખા સિલેક્ટ ફાઇલ – ૨૦૨૬
- નાયબ સેકશન અધિકારીશ્રી સિલેક્ટ ફાઈલ-૨૦૨૬

Signature Not Verified
Signed by : BHAVESHKUMAR DANKHARA
Under Secretary
Education Department
Date : 2026.10.19 12:46:36 IST